વેરહાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ-૪ ના ૩૮૦ ગોડાઉનના મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશનના કામોની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ નં.ગડન/૧૨૨૦૧૮/૮૯૦/ક

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૮/૦૩/૨૦૧૯.

વંચાણે લીધા:

(૧) ગુ.રા.ના.પુ.નિ.લીનો તા. ૨૦/૦૭/૨૦૧૮ ના પત્ર ક્રમાંક:
નં.ના પુનિ/સી.ડબલ્યુ/૧૮૧/WIF-૪/અંદાજ/વહીવટી મંજુરી/૧૮-૧૯/૪૩૬૬.

ઠરાવ:-

જાહેર વિતરણ વ્યવસ્થા માટે રાજ્યમાં અનાજની સંગ્રહ કરવા અર્થે નિગમને તબદીલ થયેલ મોટાભાગના ગોડાઉનો ૫૦ વર્ષ જુના છે. આ ગોડાઉનોમાં સીમેન્ટ સીટ ખુબ જ જુના થયેલા હોવાના કારણે પાણી લીકેઝ, ઉંદર ઉપદ્રવ, પ્લીન્થ પ્રોટેકશન રીપેરીંગ અને રોલીંગ શટર્સ રીપેરીંગ તેમજ ઇલેકટ્રીકેશનમાં રીપેરીંગની મોટાપાયે રજુઆતો ધ્યાને લઇ ગોડાઉનોમાં આ પ્રકારની ક્ષતિઓના નિવારણ માટે મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશનની કામગીરી કરવી જરૂરી છે.

નાબાર્ડની WIF યોજના અંતર્ગત ૩૮૦ ગોડાઉનના મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશન માટે પ્રોજેક્ટ-૪ અંતર્ગત રૂ.૪૦.૩૨કરોડ (અંકે રૂ. ચાલીસ કરોડ બત્રીસ લાખ) નો અંદાજિત ખર્ચ થનાર છે. તેમજ તે અંગેની લોન મેળવવાની મંજુરી અંગે નાબાર્ડને દરખાસ્ત કરેલ છે.

નિગમ દ્વારા ગોડાઉનના મોડર્નાઇઝેશન અને અપગ્રડેશનની કામગીરી અન્વયે ગોડાઉનના જૂના સીમેન્ટસીટ બદલવી તથા પાવડર કોટેડ એમ. એસ પ્રોફાઇલશીટ નાખવા, રોલીંગ શટર્સ નાખવા, ટર્બો વેન્ટીલેટર નાખવા, સી.સી. ફ્લોરીંગ, નવુ ઇલેકટ્રીફીકેશન, પ્લીન્થ પ્રોટેકશન, ફાયર ફાઇટીંગ, વોટર કુલર, એર કુલર અને  કલર કામનો સમાવેશ કરીને બિડેલ પત્રકની વિગતે તમામ જિલ્લાઓમાં ૩૮૦ ગોડાઉન પર હાથ ધરવાની થતી કામગીરી માટે રૂ. ૪૦.૨૩કરોડના કામોની માર્ગ અને મકાન વિભાગને વહીવટી મંજુરી આપવા માટે ઉક્ત વંચાણે લીધેલ સંદર્ભ (૧)ના પત્રથી નિગમે રજુઆત કરેલ હતી.

આમ, ઉક્ત સંદર્ભ (૪)ના પત્રથી કરેલ રજુઆત અન્વયે કાળજી પુર્વકની વિચારણાને અંતે કુલ ૩૮૦ ગોડાઉનના મોડર્નાઇઝેશન અને અપગ્રડેશનના કામો માટે રૂ.૪૦.૨૩ કરોડ  (અંકે રૂ. ચાલીસ કરોડ ત્રેવીસ લાખ) ના અંદાજોને આથી નીચેની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧)  આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો  અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય  હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬)  યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭)  બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮)  આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) નાબાર્ડના મંજુરી પત્રમાં દર્શાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ નાબાર્ડ દ્વારા ગોડાઉનવાર નક્કી કરવામાં આવેલ મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦). વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં ગોડાઉન મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશન યોજનાં અંતર્ગત થનાર ખર્ચ માટેની વહીવટી મંજુરી આપવા બાબતના તા. ૧૦/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : બજટ/ ૧૨૨૦૧૮/૨૬૭/ક ની તમામ શરતો નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક:- | ૨૨ | |
| મુખ્ય સદર:- | ૩૪૫૬ | -નાગરીક પુરવઠો |
| પેટા મુખ્ય સદર:- | ૦૦ | |
| ગૌણ સદર:- | ૧૯૦ | - જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને સહાય |
| પેટા સદર:- | ૧૭ | -ગોડાઉન મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશન |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભગવતી દવે)
સેક્શન અધિકારી
અ.ના.પુ અને ગ્રા.બાનો વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧)મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર.
(૨)નાણાંકીય સલાહકારશ્રી, નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
(૩)સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪)એકાઉન્ટન્ટ જનરલ!-૧(એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, રાજકોટ.

(૫)એકાઉન્ટન્ટ જનરલ-૨(ઓડીટ), ગુજરાત રાજ્ય, રાજકોટ.

(૬)પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭)તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮)મુકામી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૯) સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.

(૧૦) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર.

(૧૧)સિલેક્ટ ફાઇલ.